# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/5862 તા.૨૨/૦૬/૨૦૧૭

## પરિપત્ર-૨૪૩

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પોસ્ટ બેઝીક બી.એસસી. (નર્સિંગ) ચલાવતી કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તેમની કૉલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓ માટે એનરોલમેન્ટ ફોર્મ તા. ૨૩/૦૬/૨૦૧૭ ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતેથી મેળવી લેવા. એનરોલમેન્ટ ફોર્મ મેળવવા આચાર્યશ્રીના સહી સિક્કા સાથેનો ઓથોરીટી લેટર સાથે લાવવો જરૂરી છે.

સંબંધિત કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલમેન્ટ ફોર્મ, જરૂરી બિડાણ, માહિતી પત્રક અને નિયત ફી સાથે નીચે દર્શાવેલ સમય-પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂ માં જમા કરાવવાના રહેશે, ત્યારબાદ કોઈપણ સંજોગોમાં એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

| વિગત | રેગ્યુલર ફી સાથે એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષના એનરોલમેન્ટ બાબત | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા. ૨૮/૦૬/૨૦૧૭ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૩૦૦/- તા. ૨૯/૦૬/૨૦૧૭ | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા. ૩૦/૦૬/૨૦૧૭ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- આ યુનિવર્સિટી સંલગ્ન પોસ્ટ બેઝીક બી.એસસી. (નર્સિંગ) અભ્યાસક્રમ ચલાવતી કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

બિડાણ : (૧) પત્રક
(૨) એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

### <u>એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની જરૂરી સૂચનાઓ</u>

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પોસ્ટ બેઝીક બી.એસસી. (નર્સિંગ) અભ્યાસક્રમ ચલાવતી કૉલેજોના આચાર્યશ્રીઓને એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

૧. કોલેજે એનરોલમેન્ટ ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.
૨. પ્રથમ વર્ષમાં પ્રથમ વાર દાખલ થનાર વિધાર્થીઓએ એનરોલમેન્ટ કરાવવું ફરજીયાત છે.
૩. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની તમામ પોસ્ટ બેઝીક બી.એસસી. (નર્સિંગ). કૉલેજો માટે એનરોલમેન્ટ + ફોર્મ ફી રૂ. ૨૦૦/- નિયત કરવામાં આવેલ છે.
૫. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મમાં વિગતો ભરાવ્યા બાદ કૉલેજે વિગતો ચેક કરવી.
૬. એનરોલમેન્ટ ફોર્મ સાથે લાયક પરીક્ષાના ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરીને મોકલવાની રહેશે.

૭. વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.
૮. એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. <u>વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.</u>
૧૦. એનરોલમેન્ટ ફોર્મની કુલ ફી નો ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો કઢાવીને એનરોલમેન્ટ ફોર્મ જમા કરાવતી વખતે મોકલી આપવાનો રહેશે.
૧૧. <u>એનરોલમેન્ટ ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :</u>
    ક. એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીએ કાળા કે ભૂરા રંગની બોલપેનનો જ ઉપયોગ કરવો, શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહિ.
    ખ. <u>વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોટાડવો,</u> તે જ ફોટો વિધાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિધાર્થીને કરવી ફોટોગ્રાફ ચોટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો, **ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહિ.**
    ગ. વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ લખવા સુચના આપવી.
    ઘ. વિધાર્થીઓને મોબાઈલ નંબર ખાસ ધ્યાન રાખીને લખવા સુચના આપવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે ) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.
૧૨. એનરોલમેન્ટ ફોર્મ **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, ફોર્મ પ્લાસ્ટીક કવરમાં તેમજ બે જાડા પૂઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


૧૩. એનરોલમેન્ટ ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી અને તેના પર ફોર્મ પરનો નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

૧૪. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો) ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૫. ઈન્ટેક કેપેસીટી/યુનિવર્સિટીએ મંજુરી આપી હોય તેટલી જ બેઠકો માટેના એનરોલમેન્ટ ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૧૬. કોલેજે વિધાર્થીઓના નામ તથા ફોટાવાળું એનરોલમેન્ટ ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિધાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. એનરોલમેન્ટ ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

૧૯. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોએ વિદ્યાર્થી દીઠ ડેવલોપમેન્ટ ફી રૂ. ૫૦૦૦/-, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી. રૂ. ૨૫૦/-, રમત-ગમત ફી રૂ. ૫૦/- તથા વિદ્યાર્થી કલ્યાણ ફી રૂ. ૫૦/- એનરોલમેન્ટ ફોર્મ સાથે જ જમા કરવવાની થાય છે. એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી, રમત-ગમત ફી અને વિદ્યાર્થી કલ્યાણ ફી અંગે અલગથી ફોરવર્ડીંગ પત્ર અને તે રકમનો અલગથી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો કઢાવીને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવ્યા બાદ જ એનરોલમેન્ટ ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી, રમત-ગમત ફી અને વિદ્યાર્થી કલ્યાણ ફી વિના એનરોલમેન્ટ ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

ખાસ સુચના :

એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન વિભાગનો ઈ-મેઈલ : **enrollment@sggu.ac.in**

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન પોસ્ટ બેઝીક બી.એસસી. નર્સિંગ અભ્યાસક્રમ ચલાવતી કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.